
ગાંધીનગર સમાચાર



# શહેરમાં મોડીસાંજે વરસાદના છાંટા

**ભારે ગરમી વચ્ચે વાતાવરણમાં અચાનક પલ્ટો : સવારથી વાદળછાયા વાતાવરણના કારણે તાપમાન ઘટ્યું : સાંજે પવન સાથે છાંટા પડ્યા**


(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૨

શહેરમાં છેલ્લા એક અઠવાડિયાથી પડી રહેલી રેકોર્ડ બ્રેક ગરમી બાદ આજે અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. સાંજે તો પવન સાથે કેટલાક વિસ્તારોમાં છાંટા પડતા તાપમાનમાં ઘટાડો થયો હતો.

ઉનાળો તેની ચરમસીમાએ પહોંચ્યો હોય તેમ છેલ્લા એક અઠવાડિયાથી સમગ્ર ગુજરાતમાં ભારે ગરમી પડી રહી છે. હીટવેવની ચેતવણી સાથે સમગ્ર વિસ્તારમાં લુ ફુંકાઈ રહી છે. મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીની આસપાસ રહ્યુ છે. ભારે ગરમી વચ્ચે આજે સવારે અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા. વાદળો ઘેરાતા તડકો થોડોક કુણો પડ્યો હતો. વાદળો ઘેરાતા અને તડકો થોડોક ઓછો થતાં મહત્તમ તાપમાનમાં થોડોક ઘટાડો થયો હતો. સાંજ પડતા જ વાદળો થોડાક વધુ ઘેરા બનતા જણાયા હતા. સાંજ થતાં જ જાણે ચોમાસુ બેઠુ હોય તેવુ વાતાવરણ સર્જાયું હતું. પવનની ગતિ વધતાં જ કેટલાક સ્થળોએ છાંટા પડ્યા હતા અને ભીની માટીની સુગંધ ચારેકોર ફેલાઈ ગઈ હતી. વાદળોનો ગડગડાટ પણ સંભળાતો હતો. વરસાદી વાતાવરણથી મોર ઝુમી ઉઠ્યા હતા અને વાતાવરણને ટહુકાઓથી ગજવી દીધુ હતુ. તાપમાનમાં ઘટાડો થતા અને વાદળો ઘેરાતા વાતાવરણ એકદમ આહલાદક બની ગયું હતું. જો કે થોડીક જ વારમાં છાંટાઓ પડવાનું બંધ થતા બફારો થવા માંડ્યો હતો. પંખાની નીચે પણ પરસેવે રેબઝેબ થઈ જવાતુ હતુ. છેલ્લા એક અઠવાડિયાથી હીટવેવની અસર હેઠળ ભારે ગરમીનો અનુભવ કરી રહેલા શહેરીજનોએ વાતાવરણમાં આવેલા અચાનક પલ્ટાથી થોડીક રાહત અનુભવી હતી. આજે મહત્તમ તાપમાન ૪૧.૫ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૬.૮ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૬૨ ટકા અને સાંજે ૨૩ ટકા રહ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હીટવેવની અસર આગામી એકાદ બે દિવસમાં ઓછી થશે પરંતુ વધુ રાહત હજુ મળશે નહી. ભારે ગરમીનો સામનો કરવા સૌએ તૈયાર રહેવુ પડશે. ખુબ તડકો પડતો હોય ત્યારે ઘરની બહાર ન નીકળવા સહિતની ચેતવણીઓ જાહેર કરવામાં આવી છે.

## પક્ષાંતર ધારા ભંગની સુનાવણી ૨ ઉમીએ સુનાવણી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના ત્રણ સભ્યો સામે પક્ષાંતર ધારા અંગે કરાયેલી અરજીની સુનાવણી ૨ ઉમી મે પર મુલ્તવી રાખવામાં આવી છે.

જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિની પ્રથમ બેઠકમાં ચેરમેનની નિયુક્તી અંગેના મેન્ડેટનો અનાદર ત્રણ સભ્યો દ્વારા કરાતાં મેન્ડેટ મેળવનાર શ્રી શંકરભાઈ ચૌધરીએ પક્ષાંતર ધારા ભંગ હેઠળ કાર્યવાહી કરવા નામનિર્દિષ્ઠ અધિકારી સમક્ષ અરજી કરી છે.

આજે ત્રણ સભ્યોએ રજુઆત માટેના સમયની માંગ તેમના વકીલ મારફતે કરવામાં આવતાં તે માંગ ગ્રાહ્ય રાખી હવે ૨ ઉમી મે પર સુનાવણી મુલ્તવી રાખવામાં આવી છે.

**પંચાયતની જૂથબંધીને લઈ પ્રદેશ નેતાગીરી પણ નારાજ**

જિલ્લા પંચાયતમાં સમિતિઓની રચનાના અંતિમ તબક્કામાં બળવો થતાં પ્રદેશ નેતાગીરી પણ ચોંકી ઉઠી હતી. જો કે પ્રદેશ નેતાગીરીએ તત્કાલ શિક્ષણ સમિતિની રચનાની મડાગાંઠ ઉકેલી હતી હવે બાંધકામ સમિતિની મડાગાંઠ ઉકેલવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પ્રદેશ નેતાગીરીએ જિલ્લા એકમ પાસે વિગતવાર આ પ્રકરણે અહેવાલ માંગ્યો છે. પરંતુ આ મુદ્દે હવે પ્રદેશ નેતાગીરી પણ આકરા પગલાં લેવાના સંકેતો આગામી દિવસોમાં આવી શકે છે તેમ પણ ચર્ચાઈ રહ્યું છે. પક્ષની નેતાગીરીએ બન્ને જૂથના સભ્યોને પણ ચર્ચા-વિચારણા માટે એકાદ-બે દિવસમાં બોલાવે તેવી સંભાવનાઓ છે.

પ્રદેશ નેતાગીરીએ અગાઉ પંચાયતના પાંચ સદસ્યોને મેન્ડેટ ભંગને લઈ કારણદર્શક નોટીસ પણ આપી હતી જે ઉલ્લેખનીય છે. હવે પ્રદેશ નેતાગીરી આખરી તબક્કામાં દરમ્યાનગીરી કરી અને મામલો થાળે પાડે તેવુ મનાઈ રહ્યું છે.

જિલ્લા પંચાયતના નવા બોર્ડમાં શરૂઆતથી શરૂ થયેલી જૂથબંધીને લઈ પ્રદેશ નેતાગીરી સખ્ત નારાજ છે. ડગલે ને પગલે પ્રદેશ નેતાગીરીને દરમ્યાનગીરી કરવી પડી રહી છે. સમિતિઓની રચનાના મુદ્દે સભા મોકૂફ રખાઈ હતી તો બજેટ વખતે પણ બેઠક મોકૂફ રખાઈ હતી જે ઉલ્લેખનીય છે.

## મનપા ચૂંટણીના માત્ર ૩૭ ઉમેદવારોએ જ ખર્ચ રજુ કર્યો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગરપાલિકાના ચૂંટણી જંગમાં હજુ સુધી માત્ર ને માત્ર ૩૭ ઉમેદવારો દ્વારા જ તેમના ચૂંટણી ખર્ચના હિસાબો રજુ કર્યા છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ત્રીજા અને અંતિમ તબક્કામાં આજે ઉમેદવારોએ તેમના હિસાબો ખર્ચ ચકાસણી અધિકારી સમક્ષ રજુ કરવાના હતા પરંતુ આજે માત્ર ૩૭ ઉમેદવારો જ તેમના હિસાબો રજુ કરી શક્યા છે.

મળતી વિગતો પ્રમાણે કેટલાક ઉમેદવારોએ આજે ખર્ચ ચકાસણી અધિકારીને રૂબરૂ મળી વધુ એક દિવસની માંગણી કરી છે. જે માન્ય રાખવામાં આવી છે. હવે ચૂંટણીના આખરી હિસાબો રજુ કરવાના છે તેવી તાકીદ પણ તંત્રના અધિકારીઓ દ્વારા કરવામાં આવી છે.

અગાઉ બે તબક્કામાં ૬૦ ઉમેદવારો દ્વારા ખર્ચના હિસાબો સમયસર રજુ નહિ કરાયા હોવાની

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં બાકી રહેતા સ્ટ્રીટ લાઈટના પોલ્સને ચોમાસા બાદ કલર કરાશે

**સેકટરના રીંગ રોડ પર સ્થિત કેટલાક પોલ્સને રંગરોગાન કરાયુ**

ગાંધીનગર તા ૨

શહેરમાં સ્ટ્રીટ લાઈટોના થાંભલાઓ કંગાળ હાલતમાં ભાસી રહયા છે. સ્ટ્રીટ લાઈટના પોલ્સ જાહેરખબરનુ માધ્યમ બનતા નગરજનોમાં પણ આક્રોશ પ્રવર્તયો છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના ૪૦ ટકા જેટલા થાંભલા કાયમી ધોરણે બંધ રહેતા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. ત્યારે કટાઈ ગયેલા સેકટરોના થાંભલાને તંત્ર દ્વારા રંગરોગાન કરવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જો કે હાલ રીંગ રોડના પોલ્સનુ કલરકામ કરવામાં આવ્યુ છે. જયારે બાકી રહેતા પોલ્સને આગામી ચોમાસા બાદ કલર કરવામાં આવશે.

શહેરમાં અંદાજિત ૧૮ હજાર જેટલા સ્ટ્રીટ લાઈટના થાંભલા છે. ત્યારે લાંબા સમયના અંતે તંત્ર દ્વારા સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. શહેરના સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ જાહેરખબરનુ માધ્યમ બની ગયા છે. સ્ટ્રીટ લાઈટના થાંભલા પર બેનર્સ અને સ્ટીકર્સ ચિપકાવી બિન્દાસ્ત પણે કોમર્શિયલ જાહેરાત કરવામાં આવી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## સે-૨૧ સરકારી રહેણાંકના સ્લેબમાં ગાબડુ

ગાંધીનગર તા ૨

સે-૨૧ ચ ટાઈપના એક સલામત ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ત્યારે ભયજનક મકાનોને સેવાઈ રહયો છે. સેકટરોમાં છાશવારે છતામાંથી પોપડા ખરતા

**સદનસીબે કોઇને ઇજા નહી : બ્લોક નં ૧૧૦ માં સ્લેબની હાલત જોખમી હોવાની ફરિયાદ પણ થઇ હતી મકાન તાત્કાલિક રીનોવેશન હેઠળ લેવાશે : તંત્ર**


મકાનમાં આજે બીજા માળેથી સ્લેબ પડતા આસપાસના રહીશો પણ ગભરાઈ ગયા હતા. સદનસીબે કોઈને ઈજા થવા પામી ન હતી. શહેરના સરકારી આવાસોમાં છત તાત્કાલિક ખાલી કરાવી રીનોવેશન હેઠળ લેવામાં પણ તંત્ર દ્વાર ઢીલ કરવામાં આવતા રોષ પ્રવર્તયો છે.

શહેરના સરકારી આવાસોની છત સલામત ન હોવાનો આક્રોશ રહીશોના જીવ પડીકે બંધાતા હોવાની ઘટના પ્રકાશમાં આવે છે. સેકટરોમાં એકબાજુ નિકાલ હેઠળના ભયજનક મકાનો તોડી પાડવામાં આવ્યા

● અનુસંધાન પાન-૭ પર









### ધી ગાંધીનગર નાગરિક કો.ઓ. બેન્ક લિ.

પ્લોટ નં. ૩૯૧, સેક્ટર-૧૬, ઘ-૪॥, ગાંધીનગર

**જાહેર નિવિદા**

રસ ધરાવનાર પેઢીઓને જણાવવાનું કે, બેન્કના સેક્ટર-૬, પ્લોટ નં. ૧૫૩૨ ઉપર ચાલતા મકાનના બાંધકામ માટે નીચે જણાવેલ સામાનની જરૂર હોઈ જાહેરાતની તારીખથી દિન-૭ની અંદર પોતાનું ભાવપત્રક સિલબંધ કવરમાં રૂબરૂ અથવા રજી.એ.ડી. પોસ્ટથી મોકલી આપવું. તેમજ ભાવપત્રક સાથે પોતાની શરતો સ્પષ્ટપણે જણાવવી ઉપરાંત રજૂ કરેલ ભાવોના વધુમાં વધુ સમયનો ગાળો જણાવવો.

(૧) સીમેન્ટ - ૧,૦૦૦ થેલી
(૨) લોખંડ - ૨૫ ટન

ભાવપત્રક મંજૂર થયેથી બેન્ક જે સામાન્ય શરતો નક્કી કરે તેનું પાલન કરવાનું રહેશે.

લિ. મેનેજીંગ ડિરેક્ટર






Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com